# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-10-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) અલ્જિરિયામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય સમુદાયના લોકોને દેશના સાચા રાજદૂત ગણાવ્યાં – રાષ્ટ્રપતિ આજે અલ્જિરિયાના નેતાઓ સાથે દ્વિપક્ષીય સંવાદ કરશે ..
2) પીવાના પાણી અને જલજીવન અભિયાનના નાણામાં ગેરરીતિ મામલે ઝારખંડમાં મંત્રીઓ અને અધિકારીઓ સાથે સંલગ્ન 20થી વધુ સ્થળ પર EDના દરોડા...
3) ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે ભારતે વિશ્વ કક્ષાનું ડિજિટલ જાહેર આંતરમળખું વિકસાવ્યું છે.
4) કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે, 'ભારતે માત્ર 22 મહિનામાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 80 ટકા વસતિને આવરી લેતા ફાઈવ-જી દૂરસંચાર સેવા શરૂ કરી છે.'
5) મકાનોના ભાડા વધારાના વિરોધમાં સ્પેનમાં હજારો લોકોએ રસ્તાઓ ઉપર ઉતરી વિરોધ પ્રદર્શન કર્યું

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW PRESIDENTMEETS NRI INDIANS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે અલ્જેરિયાના નેતાઓ સાથે તબક્કાવાર દ્વિપક્ષીય બેઠકો યોજશે તેઓ અલ્જેરિયા-ઈન્ડિયા ઈકોનોમિક ફોરમને પણ સંબોધિત

કરશે. રાષ્ટ્રપતિ અલ્જેરિયા, મોરિટાનિયા અને માલાવીની તેમની ત્રણ દેશોની મુલાકાતના ભાગરૂપે અલ્જેરિયાની રાજધાની અલ્જિયર્સમાં છે. તેમણે ગઇકાલે રાષ્ટ્રપતિ મુર્મુ અલ્જીરિયામાં ભારતીય સમુદાયને મળ્યા હતા. તેમણે  કહ્યું હતું કે તમે ભારતના સાચા રાજદૂત છો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, અલ્જીરિયાની રાજધાની અલ્જિયર્સમાં ભારતીય સમુદાયના સ્વાગત સમારોહમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, અલ્જેરિયામાં ભારતીય સમુદાય, આપણા દેશના હિતો અને સોફ્ટ પાવરને આગળ વધારવાનો સેતુ છે.

## ED RAIDS SIX LOCATIONS IN RANCHI

ઝારખંડમાં ઈડીએ 20 સ્થળોએ દરોડા પાડ્યા હતા. રાજ્યના મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, એન્જિનિયરો સાથે સંબંધિત સ્થળો પર દરોડા પાડવામાં આવ્યાં હતાં..આજે ઝારખંડમાં થયેલી  મોટી કાર્યવાહી દરમિયાન. પાટનગર  રાંચીથી ચાઈબાસા સુધી ઈડી ની ટીમોએ દરોડા પાડ્યા છે.

આઈએએસ મનીષ રંજન, મંત્રી મિથલેશ ઠાકુરના પીએસ હરેન્દ્ર સિંહ, મંત્રીના ભાઈ વિનય ઠાકુર સહિત ઘણા વિભાગીય એન્જિનિયરો સાથે જોડાયેલા 20 સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના જલ જીવન મિશનમાં ગેરરીતિઓ સંબંધિત મામલાને લઈને આ કાર્યવાહી કરવામાં આવી છે. ઈડીની આ કાર્યવાહી રાંચીના પંડારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર ના આધારે લેવામાં આવી છે.

## RBI GOVERNOR

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે ભારતે ઉચ્ચ ગુણવત્તાના  ડિજિટલ નાણાકીય ઉત્પાદનોના વિકાસને સરળ બનાવે તેવું વિશ્વ કક્ષાનું ડિજિટલ જાહેર આંતરમળખું વિકસાવ્યું છે. તેમણે કહ્યું કે દેશ હવે વિશ્વના ત્રીજા સૌથી

મોટા વાઇબ્રન્ટ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું કેન્દ્ર બની ગયું છે. અહીં એક લાખ ચાલીસ હજારથી વધુ સ્ટાર્ટઅપ અને સોથી વધુ યુનિકોર્ન છે.

આજે નવી દિલ્હીમાં RBI AT90ની ઉચ્ચ સ્તરની પરિષદને સંબોધતા શ્રી દાસે જણાવ્યું કે અન્ય દેશો વૈશ્વિક ડિજિટલ ક્રાંતિમાં પ્રવેશ કરવા અને તેને સુધારવા ડિજિટલ જાહેર આંતરમાળખામાં ભારતના અનુભવનો લાભ લઈ શકે છે. ડિજિટલ કરન્સીના ઉપયોગ અંગે તેમણે કહ્યું કે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી –સરહદ પારની ચુકવણી કરવાની ક્ષમતા ધરાવે છે.

કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ દ્વારા નાણાકીય ક્ષેત્રમાં સર્જાયેલા પડકારો અંગે શ્રી દાસે જણાવ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા સાયબર હુમલાઓ અને ડેટા ભંગ જેવા નવા પડકારો સામે આવી રહ્યા છે. તેમણે બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓને આ જોખમોનો સામનો કરવા માટે પૂરતા જોખમ નિવારણ પગલાં લેવા જણાવ્યું છે. શ્રી દાસે વધી રહેલા દેવા અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે રોગચાળા પછી, વૈશ્વિક જાહેર દેવું 2023 માં કુલ ઘરેલુ ઉત્પાદનના 93.2 ટકા સુધી હતું જે 2029 સુધીમાં વધીને જીડીપીના 100 ટકા થવાની સંભાવના છે.

## BABA SIDDIQUE

મુંબઈના પ્રખ્યાત બાબા સિદ્દીકી હત્યા કેસમાં ત્રીજા આરોપીની ધરપકડ થઇ છે. જ્યારે બાકીના આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે. બાબા સિદ્દિકીની તાજેતરમાં જ મુંબઇમાં ગોળી મારીને હત્યા કરી દેવાઇ હતી...

## JK PREZ RULE

કેન્દ્ર સરકારે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવી દીધું છે. નેશનલ કૉન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીરમાં નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે. તાજેતરમાં

થયેલી વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કૉન્ફરન્સ તેમજ કૉંગ્રેસ પક્ષના ગઠબંધનને બહુમતી મળી છે.

# BJP APPOINTMENT

ભારતીય જનતા પક્ષે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવને હરિયાણા ભાજપ ધારાસભ્ય દળની બેઠક માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. પક્ષે જમ્મુ-કાશ્મીર ભાજપ ધારાસભ્ય દળની બેઠક માટે કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોષી અને પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુધને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે..

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# SCINDIAGLOBAL SYMPOSIUM

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે કહ્યું કે, 'ભારતે માત્ર 22 મહિનામાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 80 ટકા વસતિને આવરી લેતા ફાઈવ-જી દૂરસંચાર સેવા શરૂ કરી દીધી છે.'

નવી દિલ્હીમાં પાંચમી વૈશ્વિક ધોરણો પરિસંવાદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરતા શ્રી સિંધિયાએ કહ્યું કે, 'ફાઈવ-જી રોલઑવરથી વર્ષ 2040 સુધી અર્થવ્યવસ્થામાં 450 મિલિયન અમેરિકી ડૉલરનું રોકાણ થવાની આશા છે.' આ પરિસંવાદ અંગે મંત્રીએ કહ્યું કે, 'આ વૈશ્વિક સંવાદ માટે એક પ્રકાશ સ્તંભ તરીકેકામ કરશે, જેથી ધોરણો પર સામાન્ય સંમતિ કરી શકાય.

આ નવી ટેક્નોલોજીના વૈશ્વિક રોલઆઉટનુંસમર્થન કરશે.' મંત્રીશ્રીએ ઉમેર્યું કે, 'વિશ્વ ટેક્નોલોજી અને નવિનતામાં એક આદર્શ ફેરફાર જોઈ રહ્યું છે. એટલે ધોરણો, નિયમોનો ખ્યાલ વધુમહત્વનો થઈ ગયો છે.'

# FLIGHTS - BOMBTHREAT

મુંબઈથી ન્યુયોર્ક જતા એર ઈન્ડિયાના વિમાનમાં આજે બોમ્બની ધમકી મળતા વિમાન દિલ્હી તરફ વાળવામાં આવ્યું હતું. જો કે તમામ યાત્રીઓ સુરક્ષિત છે અને તપાસમાં હજુ સુધી કંઈ મળ્યું નથી. તેવી જ રીતે મુંબઈથી મસ્કત જતા ઈન્ડિગોના વિમાનમાં બોમ્બની ધમકી મળતા વિમાનને પ્રોટોકોલ મુજબ, એક અલગ ખાડીમાં લઈ જવામાં આવ્યું હતું, અને તાત્કાલિક સુરક્ષા તપાસ શરૂ કરવામાં આવી હતી. મુંબઈથી જેદ્દાહ જતા ઈન્ડિગોના વિમાનમાં પણ બોમ્બની ધમકી મળી હતી.

દરમિયાન મુંબઈ-હાવડા મેલ ટ્રેનને પણ ટાઈમર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ટ્રેનને જલગાંવ સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા ટ્રેન તેના ગંતવ્ય સ્થળ તરફ આગળ વધી હતી.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા ખાતે આગામી ત્રણથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ કર્ણાટકના આંતરિક અને દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે આ સપ્તાહમાં ગુજરાત, કોંકણ, ગોઆ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, બિહાર, ઝારખંડ, સમગ્ર પશ્ચિમ બંગાળ, સિક્કીમ, છત્તીસગઢના કેટલાક ભાગોમાં, મધ્યપ્રદેશ, ઓડિશા, આસામ અને મેઘાલયના બાકીના ભાગોમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ પાછું ખેંચાયું છે. આગામી

બે દિવસ દરમિયાન દેશના અન્ય ભાગમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પાછું ખેંચાય તેવી પણ શક્યતા છે.

## BRAZIL-STORM.RTF

બ્રાઝિલમાં વિનાશક વાવાઝોડાને કારણે સર્જાયેલી દુર્ઘટનામાં આઠ લોકો મોત થયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. મીડિયા અહેવાલો અનુસાર, મધ્ય અને દક્ષિણ-પૂર્વીય ભાગોમાં 100 કિલોમીટરપ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો અને દસ સેન્ટિમીટર વરસાદ વરસ્યો હતો. સાઓ પાઉલોમાં સાત લોકોના અને લશ્કરી-પોલીસના મુખ્ય મથક ખાતે એક સૈનિકનું મોત થયું હતું.

## SPAIN-PROTESTS

સ્પેનમાં ગઈકાલે મેડ્રિડમાં હજારો લોકો રસ્તાઓ ઉપર ઉતર્યા હત.. ભાડાના વધતા ભાવો વચ્ચે પોસાય તેવા આવાસની માંગણી સાથે લોકોએ માર્ગો ઉપર કૂચ કર હતી... આ વિરોધ પ્રદર્શનમાં 1 લાખ 50 હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

જો કે, સરકારી અંદાજ મુજબ આ સંખ્યા લગભગ 22 હજારની છે.સ્પેન પર્યટનમાંથી થતી આવકને સંતુલિત કરવા માટે સંઘર્ષ કરી રહ્યું છે, મકાન માલિકો પ્રવાસીઓ પાસેથી વધુ ભાડા વસૂલતા હોવાનાકારણે નાગરિકોની ચિંતાઓમાં વધારો થયો છે... ગત જુલાઇમાં, સ્પેનિશ સરકારે ટૂંકા ગાળાના અને મોસમી રજાઓ પરના ક્રેકડાઉનની જાહેરાત કરી હતી.

## NOBEL ECONOMICS

નૉર્વેની નૉબેલ સમિતિ આજે સાંજે અર્થશાસ્ત્રના નૉબેલ પુરસ્કારની જાહેરાત કરશે, જેમાં સરકારની ભૂમિકા, ધિરાણ અને સંપત્તિની અસમાનતાને સંભવિત દાવેદાર તરીકે જોવામાં આવશે. ગયા વર્ષે અમેરિકાના અર્થશાસ્ત્રી ક્લાઉડિયા ગૉલ્ડવિનને આપ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો હતો.

ભારતીય સમય અનુસાર બપોરે સવા ત્રણ વાગ્યાની આસપાસ પુરસ્કારની જાહેરાત કરાશે. વર્ષ 1969થી અત્યાર સુધી 93 નિષ્ણાતોને આ સન્માન મળ્યું છે. આમાં માત્ર ત્રણ મહિલાઓ છે. વર્ષ 2023માં ક્લાઉડિયા ગૉલ્ડવિન, વર્ષ 2009માં અમેરિકાની જ એલિનર ઑસ્ટ્રોમ તેમજ વર્ષ 2019માં ફ્રાન્સીસ-અમેરિકી એસ્થર ડુફ્લોને અર્થશાસ્ત્રનો નૉબેલ પુરસ્કાર મળ્યો હતો.

## TRUMP--SUSPECT-ARREST.RTF

અમેરિકાના કેલિફોર્નિયામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રેલી પહેલા એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, રેલી સ્થળથી લગભગ એક માઈલ દૂરથી આ વ્યક્તિ પકડાયો હતો. જેની પાસેથી નકલી પ્રવેશ પત્ર અને બંદૂક મળી આવી છે. ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ 49 વર્ષીય વેમ મિલર તરીકે થઈ છે, જે લાસવેગાસનો રહેવાસી છે. ઉલ્લેખનીય છે કે આ જ સ્થળે શ્રી ટ્રમ્પ પર બે વખત હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ISSF-2025--INDIA.RTF

ભારત આગામી વર્ષે ISSF જુનિયરવિશ્વ કપની યજમાની કરશે. આંતરરાષ્ટ્રીય નિશાનેબાજી રમતગમત સંઘના પ્રમુખ લુસિયાનો રોસીએ ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધન કરતાં આ જાહેરાત કરી છે. તેમણે વિશ્વમાં શૂટિંગની વધતી લોકપ્રિયતામાં ભારતના યોગદાનની પ્રશંસા કરી હતી. આ પત્રકાર પરિષદમાં ભારતીય રાષ્ટ્રીય રાઇફલ સંઘના વડા કલિકેશ નારાયણ સિંહ દેવ પણ હાજર રહ્યા હતા.